





શાળા-શિક્ષણ માટે 'ખર્ચા'ને રોવાય નહીં!
બાળકો માટે બજેટ સામે જોવાય નહીં!
વગોવાયા છો ઉદ્યોગો ને પંપાળવા માટે -
મેળા-ઉત્સવો માં જ બધું ઘી ઢોળાય નહીં!!
(નાણાં વેડફાટ નાં 'પાપ' આમ 'ધોવાય' નહીં)
(ઓછી સંખ્યાવાળી શાળાઓ બંધ કરશે.)

જામ્યુ છે યુદ્ધ
'પદ'ના અશ્વમેઘે
'રામ' કુટુંબે..
(મોદી > અડવાણી -
લવ-કુશ સામે રામસેના)

બદલાય છે
'રંગ' લોકશાહી નો -
લાલ લોહીથી..
(રક્તરંજીત ચૂંટણીઓ)




## ચિંતન

**હિતોપદેશં શ્રૃણુયાત્કુર્વીત ચ યથાદિતમ્ ।**
**વિદુરોક્ત્મ કૃત્વા ભૂત્કૌરવઃ શોકશલ્ય ભાક્ ॥**

'આપણું હિત થાય એવો જો કોઇ ઉપદેશ આપે તો તે ધીરજપૂર્વક સાંભળવો અને તે ઉપદેશ પ્રમાણે વર્તન કરવું જોઇએ. વિદુરજીએ કૌરવોના હિત માટે ઉપદેશ તો આપ્યો પણ એ પ્રમાણે અમલ આચરણ નહીં કરવાથી કૌરવોને શોકરૂપી શલ્યનો ઘા સહન કરવો પડ્યો.'

આજની યુવાપેઢીને કોઇની વાત, સલાહ-શિખામણ-ઉપદેશ સાંભળવો જ ગમતો નથી એ વડીલો અને એનાથી એક પેઢીના સમજુ-અનુભવી-શિક્ષિતોને પણ એ 'આઉટ ઓફ ડેટ' અને અભણ-અક્ષિશિત જ માને છે એમની કોઇ વાત કાને ધરતા નથી.

આજના યુવાનનું જ્ઞાન-વાચન-ચિંતન-મનન ખૂબ જ સિમીત છે. વાહનો અને મોબાઇલ કે કોઇ એક ક્ષેત્ર 'કોમ્પ્યુટર' જેવા વિષયમાં એકાદમાં માસ્ટરી મેળવી એ 'સર્વજ્ઞ' હોવાની ગેરસમજમાં ખોવાઇ જાય છે દુનિયાના હજારો બીજાં ક્ષેત્રો છે જેમાં આપણે અજ્ઞાન અને અશિક્ષિત છીએ એ વાત સ્વીકારી લેવી જ રહી.

કોઇનો પણ ઉપદેશ શાંતિથી સાંભળી એના પર વિચાર કરી - ભલે નિર્ણય તમારો પોતાનો હોય પણ એ ઉપદેશના સત્યાસત્યનો તો વિચાર કરવો જ જોઇએ.

## સુવિચાર

- ચારિત્ર્યથી બુદ્ધિ આવે છે, બુદ્ધિથી ચારિત્ર્ય નથી આવતું **- સ્વામી વિવેકાનંદ**
- શિક્ષક તરીકે સફળ થવા માટે ભણવાની નવું જાણકારી સતત ઉત્કંઠા હોવી જોઇએ **- કાકાસાહેબ કાલેલકર**
- સંત પુરૂષો સો યુગના શિક્ષક છે **- ફારસી કહેવત**
- સાચા શિક્ષક ગુરૂઓના હાથમાં જેટલી શક્તિ હોય છે એટલી પ્રધાનમંત્રીના હાથમાં પણ નથી હોતી **- એ.પી.જે. કલામ**
- મોત કાયરો ને વળગે છે જયારે બહાદુરોને ભેટે છે **- નેપોલિયન**
- સાચો શિક્ષક વર્ગખંડની દિવાલોને ઓગાળી જગતને વર્ગખંડમાં લઇ આવતો હોય છે **- ગુલાબદાસ બ્રોકર**

## બોધ કથા

સિત્તેર વર્ષ સ્વાતંત્ર્યને થવા આવ્યાં હજુ આપણી પાસે ચોક્કસ અને નક્કર કાયદાકીય માળખું નથી. રોજ નવી નવી સમસ્યા ઊભી થાય છે અને એને પહોંચી વળવા કોઇ જ કાયદો હોતો નથી. આગમાં ભસ્મ થઇ ગયા પછી કુવો કયાં ખોદવો એની જમીનની શોધ શરૂ થાય છે! અને 'કડક' કાયદા થાય પછી પણ ગુન્હેગારના હાથ સુધી પહોંચતો તો એ મોગરાનો ગજરો જ થઇ જાય છે!

રાજાએ મુલ્લાં નસુરૂદ્દીનને બોલાવી કહ્યું મારા રાજયમાં માટે કડક કાયદો કરવો છે બધા 'સત્ય' જ બોલે જૂઠું બોલનારને 'ફાંસી'.

મુલ્લાં મૂછમાં હસ્યા. રાજા ગિન્નાયો - પૂછ્યું કેમ મારા વિચારની ઠેકડી ઉડાવો છો? શું વિચાર ખોટો છે? મુલ્લાં કહે વિચાર ખોટો નથી પણ એનો અમલ વાસ્તવિક કે વહેવારુ નથી - ગુનેગારો જુઠું બોલવાના રસ્તા શોધી જ કાઢશે - .. નગરમાં આવવા માટે એક જ પુલ હતો - ગામ ખાલી કરાવી હુકમ કર્યો. સાચું બોલનાર જ ગામમાં આવે બાકીનાં ગામ છોડી જાય!

એક પછી એક સત્યની કબૂલાત આપી ગામમાં આવવા લાગ્યા. નસુરૂદ્દીનનો વારો આવ્યો. એણે પોલીસને કહ્યું હું જુઠું બોલીશ લ્યો! મને ફાંસીએ ચડાવી ધો!

પોલીસ મૂંઝાયો - પણ તમે 'જૂઠું બોલીશ' એ સાચું જ બોલો છો તમને ફાંસીએ કેમ ચઢાવાય?

વાત રાજા સુધી પહોંચી - કાયદાનો અમલ મોકુફ રહ્યો... આપણા કાયદા આવા જ 'કડક' હોય છે.

E-mail : sureshchandrabhatt18@gmail.com

# ચાળીસ વર્ષના સહજીવનના ઝંઝવાતમાં પ્રેમના બંધને અમને ટકાવી રાખેલ એમ જ એ બંધન આજ અતૂટ બનતાં ઇશ્વરે અમારા પ્રેમને માણવા સહજીવન જીવવાની આજ એક મહામૂલી તક આપી છે, થેન્ક ગોડ!

**ઝંઝાવાત સં-વેદના**
**- જય ગજ્જર**

(ગતાંકથી આગળ...)

પણ બેચાર દિવસ પછી પ્રતિજ્ઞા ભુલાઇ જતી. હેરીના આકરા શબ્દોની સામે એનો ઊભરો કાઢે. સામે હેરી પણ મન પર કાબૂ ન રાખી શકે. અને ન કહેવાનાં વેણ કહે. એમાં ગાળો ભરવા લાગી,

"સાચી, તું તો જાણે મારી બોસ હોય એમ વારંવાર ગુસ્સે થઇ કૂતરીથીય ભૂંડી થતી જાય છે."

"તું બેડમાં કેવો અદ્દ્ભૂત પ્રેમ કરે છે અને વહાલનો ધોધ વર્ષાવે છે! પણ તારી જીભ ચાલે છે ત્યારે કૂતરા-બિલાડાની જેમ કલાકો સુધી કયાં અટકે છે?"

અને અનેક વાર વાદવિવાદ પળમાં આસમાને પહોંચતો. પાછા બેચાર દિવસ અબોલા થતા. પણ ઊંડે ઊંડે પરસ્પર અગાધ પ્રેમ હતો એટલે ભરતી - ઓટ આવ્યા કરતી.

પરસ્પરની એકલતાનાં ગંભીર પરિણામોના વિચારો આવતાં મન શાંત થતાં. સંસાર આગળ વધ્યે જતો અને વર્ષો વીતતા જતાં.

મન પ્રફુલ્લિત કરવા કયારેક નજીકના પાર્કમાં જઇ પ્રેમાલાપ કરે. પરસ્પરના ઉગ્ર સ્વભાવની કબૂલાત કરી જિંદગીનો આનંદ માણે. એ આનંદમાં ભરતી લાવવા બંને ક્રૂઝ લેતાં. એ રીતે દર વર્ષે અલાસ્કા, કેરેબિયન, મેક્સિકન, બહામા, કોસ્ટારિકા, વગેરે અનેક ક્રૂઝ ફરી વળ્યા હતા. અલાસ્કા ક્રૂઝની યાદ જીવનની એક મહાન સ્મૃતિ બની ગઇ હતી. અનેક વાર એ યાદ વાગોળતાં.

બે દિવસ પહેલાં એ યાદ તાજી કરી બંને ગેલમાં આવી જઇ પ્રેમાલાપમાં મશગૂલ બન્યાં હતાં ત્યાં કેલીએ ગુસ્સો ઠાલવ્યો હતો,

'મારે એક સપ્તાહ એ ટ્રિપ એક્સ્ટેન્ડ કરવી હતી પણ તને તારી જોબની પરવા હતી, પત્નીનાં આનંદની નહિ.'

"એ જોબ છે તો ઘર ચાલે છે, ક્રૂઝની મજા માણવાનું મળે છે" અને પછી સામસામા આક્ષેપો છૂટ્યા. હેરી ગુસ્સે થઇ ઘર બહાર નીકળી ગયો. એક મિત્ર એને કલબમાં લઇ ગયો. કદી દારૂને સ્પર્શ નહિ કરનાર હેરી એ સાંજે દારૂ પીને ઘેર આવ્યો. એલફેલ બોલવા લાગ્યો. કેલીથી એ સહન ન થયું. એણે ઊભરો ઠાલવ્યો, "હવે બાકી રહ્યું છે તે દારૂની લતે ચઢ્યો. તને શરમ આવવી જોઇએ. બસ્ટર્ડ!"

છેલ્લો શબ્દ હેરી સહી ન શક્યો. સામસામા પાછા આક્ષેપો છૂટ્યા. હેરી ગુસ્સે થઇ એના ગાલ પર જોરથી એક તમાચો મારી નશામાં બબડ્યો, 'ફ.. લેડી. સાલી હવે ચૂપ મરીશ! તું નાહક મારો જીવન ખાય છે! તારી સાથે એક પળ રહેવું મુશ્કેલ બનશે બસ્ટર્ડ!'

અને મહાભારત સર્જાયું. બંને વચ્ચે અબોલા થયા. બે રાતો બંનેએ ઊલટા પડખે વિતાવી અને રોજનો પ્રેમભર્યો ક્રમ જવળાયો નહિ.

કેલી વહેલી ઊઠી ઘર અને હેરીનો સાથ છોડી એને સદા માટે વિલાપ કરતો મુકી ઘર બહાર નીકળી પડી.

હેરી ડોસો ઝબકીને જાગી ગયો. કેલીને બાહુમાં લેવા હાથ લંબાવ્યા. સપનું સરકી ગયું, કેલી સરકી ગઇ. પણ એ હતાશ ન થયો. કેલી બોલાવી રહી હતી એવા ઝણકાર સંભળાતાં એ સવારે ઊઠી ફોન પર ટિકીટ બુક કરાવી ઓરલેન્ડો પહોંચી ગયો. બોટમાં ફર્સ્ટ કલાસની કેબિન કેલી અને હેરીના નામે રિઝર્વ કરાવી.

સાંજે બોટમાં જવા લાગ્યો. કેપ્ટને પૂછ્યું. 'મિ. હેરી, તમારી કેલી કયાં છે?' "એ પાછળ આવે છે. મારો પ્રેમ સાચો હશે તો એને જરૂર ખેંચી લાવશે!" કેપ્ટન એને પાલગલ ગણી હસવા લાગ્યો. આફલાતૂન લગ્ઝયુરિઅસ કેબિન જોઇ હેરી ખુશ થઇ કેલીના રાહ જોવા લાગ્યો.

બોટ પોર્ટ છોડવાની પાંચ મિનિટ બાકી હતીને એક બુરખાધારી યુવતીએ દરવાજો ખખડાવ્યો.

"સોરી, સર! બધી કેબિનો ફુલ છે. કેપ્ટન કહે છે કે તમારી કેબિનમાં તમારી પાર્ટનર પહોંચી નથી એટલે એક જગા છે. એક રાત મને સથવારો આપશો?"

"માફ કરજો, પણ મારી પત્ની સિવાય બીજા કોઇ સાથે હું સૂવા ટેવાયો નથી એટલે તમને હું મારી રૂમમાં સથવારો નહિ આપી શકું."

"હું તમારી પડખે સૂવાની વાત નથી કરતી. હું તો સામેના સોફા પર સૂઇ જઇશ. તમને ડિસ્ટર્બ નહિ કરૂં."

"હા, પણ આગલા સ્ટોપ પર એ આવે અને તમને મારી સાથે એક જ કેબિનમાં જુએ તો મને દોષિત ગણી દરવાજેથી જ પાછી જતી રહે. મારી વર્ષોની ઝંખના અધૂરી રહી જાય. સોરી!"

"તમારી એ ઝંખના અધૂરી નહિ રહી જાય. એ પાર પાડવા તો હું અહીં આવું છું." કહેતાં બુરખો દૂર ફેંકી એણે દોડી જઇને હેરી ડોસાને ચૂમી લીધો. "અરે કેલી તું? તું અહીં કયાંથી?" એને બે બાહુમાં જકડી, ચુંબનોથી એને ભીંજવી દીધી અને સવાલ કર્યો, "દસ વર્ષ સુધી તું કયાં ગઇ હતી?"

"હું તારો સાથ છોડી ઓરલેન્ડો આવી હતી. આ બોટમાં રિસેપ્સનિસ્ટની જોબ મળી જતાં અહીં જ રહી ગિ. તારા મિલન માટે રોજ પ્રાર્થતી રહી છું. બોલ, તારી સાથે તારે પડખે સૂઇ રહું ને?"

"મારૂં અહોભાગ્ય માનીશ. પણ વધતી જતી ઉંમરને કારણે હવે મારા પ્રેમનાં સાંનિધ્યની હૂંફ સિવાય તારી બીજી કોઇ ઝંખના પુરી નહિ કરી શકું, માફ કરજે!"

"હવે મને પણ બીજી કોઇ ઝંખના નથી. એક તારા સહવાસમાં જ જિંદગી ગુજારવી છે. ઘર છોડ્યાનો પણ મને બહુ પસ્તાવો થાય છે. આજે કેપ્ટનને મારી પૂર્વગાથા કહી રાજીનામું આપી સદા માટે તારી પાસે પ્રેમનો ધોધ વહાવવા અને માણવા આવી છું. હવે તો સાથ જીના, સાથ મરના!"

"કેલી, કાલે મેં તને સપનામાં જોઇ હતી. એટલે જ અહીં દોડી આવ્યો!"

"વાહ, કેવો જોગાનુજોગ! મેં પણ તમે કાલ સપનામાં જોયાં હતો. આપણી પરસ્પરની શ્રદ્ધાનો વિજય થયો લાગે છે. ચાલ, જિંદગીનાં બાકીનાં થોડા વર્ષ વાદવિવાદ વિના પરસ્પરની પ્રેમભરી હૂંફમાં વિતાવીએ." કહેતાં એને બેડમાં ખેંચી ગઇ અને કાલનાં શુભ ભાવિની ઝંખના સેવતાં બને પરસ્પરનાં પડખામાં લીન થઇ ગયાં

થોડી વારમાં વહાણ ડોલવા લાગ્યું. અને પવનના બેકાબૂ ઝંઝાવાતમાં વહાણ ડૂબાવા લાગ્યું. કેપ્ટને વહાણને કાબુમાં રાખવા બહુ પ્રયત્નો કર્યા પણ નિષ્ફળ ગયો. વહાણ ડૂબી ગયું. ઘણા બધા પેસેન્જર્સ જીવ ગુમાવી બેઠા. દરિયાનાં વાવાઝોડામાં એક ઝાડ ખેંચાઇ આવતું જોતાં બંનેએ એ પકડી ઝંઝાવાત સામે હામ ભીડી.એટલામાં લાઇફ સેવિંગ બોટે એ બંનેને બચાવી લીધા. કિનારે પહોંચાડી નાવિક બોલ્યો. "ઘણાં લોકોએ જીવ ગુમાવ્યા છે. તમે નસીબદાર કે બચી ગયા."

"ચાળીસ વર્ષના સહજીવનના ઝંઝવાતમાં પ્રેમના બંધને અમને ટકાવી રાખેલ એમ જ એ બંધન આજ અતૂટ બનતાં ઇશ્વરે અમારા પ્રેમને માણવા સહજીવન જીવવાની આજ એક મહામૂલી તક આપી છે. થેન્ક ગોડ!" કહેતાં બંને હર્ષઘેલાં બની ગયાં.

# જો ડર ગયા સમજો મર ગયા

**વિચાર યાત્રા**
**- જય ઓઝા**

એક ગામમાં ૧૦-૧૨ વર્ષનો છોકરો છે. સ્વભાવે શાંત અને ભીરૂ છે. એના કલાસના છોકરા અને ઘરની આજુબાજુના છોકરાથી કાયમ ડરતો ચાલે છે. લાલો એનું નામ. ગેમર, મુકલો, બાબુ આ બધા એના 'સો કોલ્ડ' મિત્રો હતા, કેજે તેના ઉપર દાદાગીરી કરતા.

શાળાએ જવાનો સમય થાય એટલે શેરીની બહાર જ મુકલો દફ્તર લઇને ઉભો હોય. લાલાની રાહ જોતો હોય. જેવો લાલો આવે એટલે મુકલો એનું દફ્તર લાલાને પકડાવીને બિન્દાસ હાથ હલાવતો સ્કૂલે જાય, લાલો બે દફ્તર ઉપાડીને પાછળ પાછળ આવે.

સ્કૂલે આવીને ગેમરનું ઘરકામ તો લાલાએ જ કરી દેવાનું. આખા દિવસનું ઘરકામ લાલો કરીને લાવે, ગેમર તૈયાર નોટ શિક્ષકને બતાવી દે. રાત-રાત સુધી જાગીને લાલો લેસન કરે. કો'ક દિવસ પોતાનું લેસન ન કરે પણ ગેમરનું તો હંમેશા કરી દે.

અને શેરીમાં બાબુડો તો હોય જ સાંજે લખોટી રમવાની હોય, એમાં લાલો જો બાબુને પાંચ લખોટી આપે તો જ એને રમાડે, નહીંતર એનો બહિષ્કાર. આવું જ ભમરડા, છાપો અને બધી વસ્તુમાં થતું. આમ લાલાએ પોતાના જ ઘરની બહાર પોતાની ચીજ-વસ્તુથી રમવા માટે પણ બાબુને હપ્તો આપવો પડતો.

એક દિવસ એક પ્રસંગ બન્યો. લાલાને અને તેના નાનાભાઇ-બહેનને ઘરેથી એક રૂપિયા વાપરવા મળતો, બધાને બાપુજી તરફથી રૂપિરો સવારમાં મળ્યો. બપોરના સમયે એક બરફ-ગોળાવાળો શેરીમાં આવ્યો, બધા બાળકો એને ઘેરી વળ્યા. લાલો અને તેના ભાઇ-બહેન પણ એમાં શામેલ હતા. એટલામાં સામે જ બરફ - ગોળા લીધો અને ખાવા માંડ્યો. લાલાના ગુસ્સાનો કોઇ પાર ન હતો. એના નાના ભાઇ બહેન મજાથી ચૂસતા હતા અને પોતે ઓશિયાળાની જેમ ઊભો હતો.

એ જ સેકંડે એનું મગજ ફરી ગયું. અત્યાર સુધી દબાવી રાખેલો ગુસ્સો ભડકી ઉઠ્યો. સામે દવાની નાની કાચની બોટલ પડી હતી, એ ઉઠાવી લીધી અને અત્યાર સુધીની બધી જ ખીજ ભેગી કરીને જોરથી બાબુનાં માથામાં મારી દીધી અને ભાગીને કયાંક સંતાઇ ગયો, પછી તો એની શોધા-શોધ થઇ ગઇ, બાબુને લોહી નીકળતું હતું. એને પાટા-પીંડી કરાવવી હતી. લાલાના અને બાબુનાં બાપા એકબીજા સામે ઝગડી પડ્યા. રાત પડી, મામળો થાળે પડ્યો ત્યારે લાલો ચૂપચાપ ઘરમાં આવી ને સૂઇ ગયો.

બીજા દિવસે સ્કૂલે જવા માટે નીકળ્યો, શેરી બહાર મુકલો દફ્તર લઇને ઊભો હતો, લાલો આવ્યો એટલે એણે એને દફ્તર પકડાવી દીધું. પણ લાલો લાલ થઇ ગયો. તેણે દફ્તર ઉપાડ્યું અને હવામાં ફંગોળી દીધું. મુકલાના દફ્તરમાં બધા ચોપડા રસ્તામાં વેરણ-છેરણ પડ્યા. સ્કુલે આવ્યો, ગેમર નોટ લઇને ઊભો હતો એણે લાલાને ગૃહકાર્ય કરી દેવાનું કહ્યું.

લાલો વિફર્યો, બેંચ પર ચડીને ગેમરની નોટ-બુક પંખાના પાંખિયા પર મુકી દીધી અને નીચે આવીને પંખાની સ્વીચ ચાલું કરી દીધી. નોટ સીધા કલાસરૂમની બહાક ફેંકાઇ ગઇ.

સાંજે ઘેર આવ્યો તો ચમત્કાર થયો, શેરીના બધા છોકરા લાલા પાસે આવ્યા અને આજીજીના સૂરે કહેવા લાગ્યા કે આજથી અમે બધા તને રોજ પાંચ લખોટી આપશું પણ તું અમને બાબુની જેમ બાટલી ન ફટકારી દેતો. બસ વાર્તા પૂરી. હવે લાલસિંહ બની ગયો.

સો, ધ મોરલ ઓફ દ સ્ટોરી ઇઝ "જો જર ગયા સમજો મર ગયા!" ડર, બીક, ભય વ્યક્તિને ખલાસ કરી નાખે છે આ વાત ફક્ત ૧૦-૧૨ વર્ષના લાલાની નથી. વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર દરેકને આ જ વાત લાગુ પડે છે.

નિડર અને બુલંદ અવાજ હોય તો દુશ્મનની સામે અડધી જીત અપાવી દે છે આત્મવિશ્વાસ અને ડર્ગા વગરની એક જોરદાર ત્રાડ જ સામેવાળાના હાંજા ગગડાવી નાખે છે.

ઇઝરાયલ જેવો નાનકડો દેશ ચારે તરફ દુશ્મનોથી ઘેરાયેલો છે. મુસ્લિમ રાષ્ટ્રો એની ઉપર હંમેશા આક્રમની યોજના બનાવતા હોય છે. પણ આ બધાથી ડરીને ઇઝરાયલ ઘૂંટણીએ પડી ગયું? ના. એણે ડર્યા વિના બધાનો મુકાબલો કર્યો. એ બધાને ધૂળ ચાટલા કર્યા. હમણાં લેબેનોને તેના ફક્ત બે સૈનિકો - હણી કાઢ્યા તો, ઇઝરાયલે આખા લેબેનોન પર હુમકો કરી દીધો. આને નીડર અને મર્દાની જવાબ કહેવાય.

જયાં સુધી ડર, બીક, ભય, વ્યક્તિમાં સમાજમાં અને રાષ્ટ્રમાં રહેલો હોય છે, ત્યાં સુધી તેની યોગ્ય કાર્યશૈલી વિકસી શકતી નથી. તેની અંદર રહેલી ખુબીઓ અને તેનામાં રહેલી શક્તિઓ ડર અને ભયની દિવાલો વચ્ચે ગુંચવાઇને રહી જાય છે.

ગીતામાં શ્રીકૃષ્ણ-અર્જુનને કહે છે, તું યુદ્ધથી ડરીને ભાગ નહીં, લડ અને મરી જા, પરંતુ લડવાથી ન ભાગ, કારણ કે એનાથી ભાગીને તું જીવીશ જરૂર પરંતુ મરવા જેવું જીવન હશે. એ 'ડેડ લાઇફ' હશે. અને 'ડેડ લાઇફ' થી 'લિવિંગ લાઇફ' વધારે બહેતર છે.

**રો રો કે મોત માંગનેવાલો કો,**
**જીના નહી આ સકા તો મરના કયાં આયેગા?**
**- ફિરાક ગોરખપુરી**

નાનપણથી જ મા-બાપ, બાળકને ડરાવતા હોય છે, રોઇશ નહીં, બાવો લઇ જશે, અંધારામાં જઇશ નહીં, ભૂત આવે. પાણીથી દૂર રહેજે ડૂબી જઇશ.

અને નાનપણમાં જ બીક અને ભયનાં પાઠ ભણેલો બાળક મોટો થઇને પણ જરાક અચકાતો જ ચાલે છે, જીવનની ઊંચી - નીચી ઉબડ-ખાબડ મુશ્કેલીઓનો નીડતરાથી સામનો કરવાને બદલે ઘૂંટડીએ પડી જાય છે. અને આવા વ્યક્તિઓથી બનેલો સમાજ અને આવા સમાજથી બનેલું રાષ્ટ્ર માંયકાંગલું જ રહે છે.

એટલે આપણે લાલામાંથી લાલસિંહ બની જવાનું છે. શારીરિક તાકાતની સાથે માનસિક તાકાત પણ મેળવવાની છે. ડરને કા નહીં, ભીડું કયોંકિ 'જો ડર ગયા સમજો મર ગયા.'

# મારા શેષ જીવનમાં, પરિવારમાં સંપ, સ્નેહ અને સ્થિરતા આવે અને પરમાત્મા સત્કાર્યો કરાવ્યા કરે એ જીવનની ફલશ્રુતિ માગું છું

**મોંઘેરા મોતી**
**- નટવર આહલપરા**

**સંઘર્ષથી સફળતા સુધી પહોંચેલા ઉમદા સૂત્રધાર જાગદીશભાઇ સોંડાગર**



જીવનમાં સંઘર્ષ ભલે આવે પણ કેટલાંક સૌમ્ય, શાંત વ્યક્તિત્વ એવા હોય છે કે, જેઓ સંઘર્ષને શાંતચિત્તે, પ્રસન્નતાથી પચાવી જાણતા હોય છે. આવું વ્યક્તિત્વ એટલે શ્રી જગદીશભાઇ સોંડાગર (મિસ્ત્રી) રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના ખાટલી મૂળ વતનમાં તા. ૦૬-૧૧-૧૯૫૭ના રોજ શ્રી જગદીશભાઇનો જન્મ થયો. પિતા સ્વ. મોહનભાઇ અને માતા સ્વ. શાંતાબહેન પિતાને ખાટલી ગામમાં ખેતી હતી પણ ખેડૂતોના ઓજારોનું સુતારી કામ કરી ઘરનું ગુજરાન ચલાવતો હતો.

જગદીશભાઇએ બહુ નાની વયમાં પિતાનું છત્ર ગુમાવ્યું હતું. ખેતીવાડીમાં તો ગામડે માત્ર જીવન નિર્વાહ થતો હતો. ઘરની આર્થિક સ્થિતિ નબળી હતી. શાળાનો અભ્યાસ કાકાન`ત્યાં અને મામાને ઘેર થયો હતો. ખાટલી ગામના શિક્ષકની મદદથી વર્ષે ૧૯૭૬માં મોરબી પ્રિ. સાયન્સમાં પ્રવેશ મળેલો. મિત્રોની રસોઇ તેઓ કરી આપતા અને મિત્રો જગદીશભાઇની ફીઝ ભરી આપતા હતા. ઇશ્વરને જગદીશભાઇનાં ભણતર કરતાં વ્યવસાયના ગણતરની ગણતરી હશે.

માત્ર ૧૯ વર્ષની વયમાં જગદીશભાઇએ થોડો સમય રાજકોટ વસવાટ કર્યો અને પછી ૧૯૭૬ થી ૧૯૯૦ સુધી ધંધા અર્થે મુંબઇ ગયા. પાછા ન પડ્યાં. તેમના જીવનની પ્રગતિના ગણેશ થઇ ચૂક્યા હતા. મુંબઇથી રાજકોટ પરત આવ્યા. શિવાભાઇ ભાડેશિયાની પ્રેરણાથી માત્ર પોણા બે રૂપિતાના રોજથી સુતારી કામ કર્યું. આવક ઓછી હતી એટલે જગદીશભાઇ એક જ ટાઇમ ભોજન લેતા હતા. ભોજનાલયનાં કાંતિભાઇ પટેલને ખબર પડી તેમણે ઉદારતા દાખવી બે ટાઇમ જમવાનું લેવા કહ્યું હતું, "લેથ ઉપર કાળા હાથ થોડા કરાય?" એવું કહી વશરામભાઇ ટાંકે જગદીશભાઇને ફર્નિચર કામે લગાડયા. એ સુખદ ક્ષણોને જગદીશભાઇ આજે પણ ભૂલ્યા નથી.

પછી તો તેઓ જૂનાગઢ જિલ્લાના સરગવાડા ગામે અક્ષરજ્ઞાન ધરાવતાં ચંદનબેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા. તેમની પુત્રી પારૂલ અને પુત્રો પીયુષ અને સાવન પરિણિત છે. બંને પુત્રોમાં સાવન ચંદન ટ્રેડર્સ સંભાળે છે. જયારે પીયુષ બેંક તથા કોલેજની કોર્પોરેટ ઓફિસનું ફર્નિચર કામ કરે છે. જગદીશભાઇ સહિત બધાં જ ભાઇઓ રાજકોટમાં સારી રીતે વ્યવસાય સાથે સ્થિર છે.

જગદીશભાઇ કહે છે કે, "આજે આપણા દેશમાં કોમ્પ્યુટરનો વપરાશ બિનજરૂરી રીતે થઇ રહ્યો છે. તે માટે સાવધાન રહેવું જરૂરી છે." વ્યવસાયના પ્રારંભે તેઓ વાંચન કરી શકતા હતા પરંતુ આજે માત્ર વર્તમાનપત્રો, સામયિકો વંચાવે છે. "તારક મહેતા કા ઉલટા ચશ્મા" જેવી હળવી શૈલીની ટી.વી. સિરિયલો તેઓ જોઇ લે છે. તેઓને ભુવા, ભરાડી અન દોરાધાગાથી સખત નફરત છે. અંધશ્રદ્ધાના વિરોધી છે. શનિવારનું એકટાણું કરતા જગદીશભાઇ સવારે નિયમિત પૂજા-પાઠ ઉપરાંત દૃષ્ટિદેવ વિશ્વકર્માજીનું સ્મરણ પણ ખાસ કરે છે.

વ્યવસાય અર્થે સુદાનનો પ્રવાસ કર્યો છે. ભારતના મોટા ભાગના ધાર્મિક સ્થળોની યાત્રા કરી છે. લાયન્સ કલબમાં (રાજકોટ સેન્ટ્રલ) લાઇફ પ્રેસિડન્ટ અને ટ્રેઝરર પદે સેવાઓ સતત સાત વર્ષ સુધી આપી હતી. ગુર્જર સુતાર પ્રગતિ મંડળ, રાજકોટમાં વર્ષ ૨૦૦૫માં પ્રમુખપદ શોભાવ્યું હતું. શિક્ષણનાં ઉત્કર્ષમાં, આરોગ્યની જાળવણી અર્થે જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થઇ સેવાની જયોત પ્રગટાવતા રહે છે.

સામાજિક ઉત્કર્ષના કાર્યો કરતા રહેતા જગદીશભાઇ ઇચ્છે છે કે, "મારા શેષ જીવનમાં, પરિવારમાં સંપ, સ્નેહ અને સ્થિરતા આવે અને પરમાત્મા સત્કાર્યો કરાવ્યા કરે એ જીવનની ફલશ્રુતિ માગું છું."

શુભેચ્છા આપીએ જગદીશભાઇને, તેમનો મોબાઇલ નંબર છે : ૯૮૨૫૦૭૯૨૨૫